# ખેડૂતોની એક્તાથી તળાવ છલકાયું, હરીયાળી ક્રાંતિ તરફ ડગ માંડયા

**હીરાખાડી કંપાનું તળાવ ભર શિયાળે નકામા વહી જતા પાણીથી ભરાયું : ૨૦૦ વિઘા જમીનને પિયતનો લાભ, ૨૫ બોરકૂવા રિચાર્જ થશે**





બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૧

ખેડૂતોની એકતા અને સારાપાક ઉત્પાદન માટે કઈ પણ કરી છૂટવાનો મક્કમ ઈરાદ હોય તો તે અવશ્ય સફળ થાય છે. ધનસુરા તાલુકાના ખોબા જેવડા હિરાખાડીકંપાના ખેડુતોએ ગામનું વિશાળ તળાવ ક્વોરીની ખાણમાંથી નકામા વહી જતા પાણીથી ભરવાનો સંલ્પ લીધો. અપના હાથ જગન્નાથની જેમ પ્રયાસ શરુ કર્યા જેમાં સરકારી તંત્રનો લાભ મળ્યા પછી કામ આસાન થયું અને ભાઈ-બીજા દિવસથી તળાવમાં ક્વોરીની ખાણના પાણી ઠલવાતાં ગ્રામજનો અને ખેડુતો વાજતે-ગાજતે તળાવ કિનારે પહોંચ્યાં. મહામૂલા પાણીના વધામણાં થયાં, તળાવ ભરાયા પછી ૨૦૦ વિઘા જમી નને પિયતનો લાભ મળશે. જ્યારે આસપાસના ૨૫થી વધુ બોર કૂવા રીચાર્જ થઈ પાણીના તળ ઉંચા આવવાની સંભાવના ખેડુતો જોઈ રહ્યા છે. તળાવ ભરવાની કામગીરીમાં રુપિયા ૪,૫૦,૦૦૦નો ખર્ચ થયો છે.

જિલ્લામાં ઓછા વરસાદના કારણે મોટાભાગના તળાવો ખાલીખમ જેવી સ્થિતિમાં છે. પરંતુ જો યોગ્ય ઉપાય શોધી કાઢવામાં આવે તો તળા વી ખાલી રહેવાની ચિંતા ભૂતકાળ બની જાય, ધનસુરા તાલુકાની રાજપુર ગ્રામ પંચાયત તાબાના હીરાખાડીકંપાનું ૧૦૦ વિઘાં તળાવ ચોમાસામાં ભરા શે કે કેમ..?? તેની ચિંતા ખેડૂતોને સતાવતી, ધનસુરા તાલુકા ભારતીય કિસાન સંઘના મંત્રી અને ગામના ખેડૂત કેશુભાઈ હરજીભાઈ પટેલે કાયમી ધોર છું તળાવ ભરાયેલું રહે તે માટે ઉપાય વિચાર્યો, ગામના સાથી ખેડૂતોને વાત કરી, નજીકમાં આવેલી ૩ ક્વોરીનાં મહામૂલાં પાણી કાંસમાં વેડફાઈ જાય છે. જેથી પાઈપલાઈન નાખવામાં આવે તો નકામાં વહી જતાં પાણી તળાવમાં ઠલવાય અને બારેમાસ તળાવ ભરાયેલું રહે. સાથી ખેડૂતોએ યોગ્ય મદ દિની ખાત્રી આપી પરંતુ ખર્ચ વધુ થાય તેમ હતો. ગ્રામ પંચાયતના સરપંચ ચંદુભાઈ ચૌહાણને વાત કરવામાં આવી તેઓએ તંત્ર સમક્ષ ખેડૂતોની આપ વીતીનો ચિતાર આપ્યો અને તાબડતોબ સરકાર દ્વારા તળાવ ભરવા માટેની પાઈપલાઈનના ખર્ચ પેટે ૨.૫૦ લાખ મંજૂર થયાં. અન્ય ૪૨ લાખ સ્થા નક ખેડૂતોએ ફાળો આપ્યા પછી વર્ષોથી દેખેલું સ્વમું બેસતા વર્ષના દિવસે સાકાર થયું. તળાવ ભરવા માટેની યોજના સાકાર થતાં ગ્રામજનોએ વાજતે ગાજતે પાણીનાં વધામણાં કર્યાકે ગામમાં મોટો અવસર હોય તેવી ખુશાલી જોવા મળી. છેલ્લા દિવસથી નકામાં વહી જતાં પાણી ગામના વિ શાળ તળાવમાં ઠલવાઈ રહ્યાં છે. તળાવ છલોછલ ભરાશે ત્યારે ફરીએક્વાર ગ્રામજનો એકત્ર થઈ મહામૂલા પાણીના વધામણા કરશે. તળાવ છલાયા પછી આસપાસના ખેડૂતોના બોરકુવા રીચાર્જ થવાની સાથે બારેમાસ સિંચાઈનો લાભ મળતાં આ વિસ્તારની સૂકીભઠ્ઠ જમીનમાં બારેમાસ ખેતી થશે.

### અન્ય વિસ્તારના ખેડૂતો પણ પ્રેરણા મેળવે...

રાજ્ય સરકાર ખાસ કરીને ખેડૂતો અને ગામડાં સમૃદ્ધ થાય તે માટે યોગ્ય પ્રયાસ કરી રહી છે પરંતુ કયારા યોગ્ય દીશામાં હોવો જોઈએ. જી લાના અનેક તળાવો સુજલામ સુફલામ તેમજ એસ.કે.-૨ યોજના મારફતે ભરવામાં આવે છે પરંતુ લોકભાગીદારીથી પ્રથમવાર ધનસુરા તાલુકામાં ત છાવ ભરવાની યોજના ખેડૂતોએ જ અમલી બનાવી દીધી છે. હીરાખાડીકંપાનું તળાવ ક્વોરીઓના નકામા વહી જતા પાણીથી ભરાયા પછી અન્ય વિસ તારના ખેડૂતો પણ પ્રેરણા મેળવશે તેવું કહી શકાય.

### ખેડૂતોનો વિચાર અત્યંત ઉમદા, હરિયાળી સર્જશે : ડૉ. જગદીશ પટેલ

હરાખાડીકંપાના ખેડૂતોએ નજીકમાં આવેલી ક્વોરીના નામ વહી જતા પાણીનો સદુપયોગ થાય તો કેવું..?? તેવી વિચારણા કરી તળાવ ભરવાની યોજના અમલમાં મૂકી. આખરે નાનકડા કંપાના ખેડૂતોનો મોટો વિચાર સાચા અર્થમાં અમલી બન્યો. આ વિસ્તારના ખેડૂત પુત્ર ઈ જગદીશ પટેલે જણાવ્યું કે ખેડૂતોનો વિચાર અત્યંત ઉમદા છે અને આ વિચાર આ પંથમાં હરિયાળી સર્જશે જે રાથના તમામ ખેડૂતો માટે દશા પ્રેરક બની રહેશે.

### ૩ ક્વોરીઓનાં પાણી ઠાલવવાની શરુઆત...

ગામ નજીક આવેલી અંબિકા, શિવશક્તિ અને ભોલેનાથ ક્વોરીના મહામૂલા પાણી કાંસમાં નકામાં વહી જતા હતા જેથી સ્થાનિક ગ્રામજનો મણીભાઈ છગનભાઈ પટેલ, મગનભાઈ દેવજીભાઈ પટેલ, અંબાલાલ છગનભાઈ પટેલ, જયંતિભાઈ સવદાસભાઈ પટેલ તથા યુવા ખેડૂતોએ કેશુભા ઈ હરજીભાઈ પટેલના વિચાર સાથે સંમત થઈ ક્વોરીનાં પાણી તળાવમાં ઢલવવાની યોજના માટે જે ખર્ચ કરવો પડે તે માટે સંમત થયા અને આખરે ક વોરીનાં પાણી તળાવમાં ઠાલવવાની શરુઆત થઈ છે.

## જિલ્લાના માર્કેટ યાર્ડમાં મગફળી, કપાસ અને દિવેલાની બમ્પર આવક

**ટેકાના ભાવે મગફળી ખરીદી કેન્દ્રો ઉપર કાગડા ઉડ્યા જેવી સ્થિતિ**

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૧

લાભ પાંચમ પછી બજાર ખુલ્યાં છે જિલ્લાના માર્કેટયાર્ડોમાં મગફળી, કપાસ અને દિવેલાની બમ્પર આવક નોંધાઈ રહી છે. એકંદરે ખેડુતોને પાક ઉપજના સારા ભાવ મળતાં ખેડૂતોમાં ખુશાલી જોવા મળી છે. જ્યારે ટેકાના ભાવે મગફળી ખરીદી કેન્દ્રો ઉપર કાગડા ઉડ્યા જેવી સ્થિતિ જોવા મળી કારણકે ખેડૂતોને મગફળીનો ભાવ ખાનગી બજારમાં વધુ મળી રહ્યો છે. જિલ્લામાં લાભ પાંચમ પછી વેપાર-ધંધા ફરી શરૂ થયા છે. માર્કેટયાર્ડ અને ખાનગી વેપારીઓના ત્યાં સવારથી જ ખેતપેદાશ લઈને આવતા ખેડૂતો અને વાહનોની ભીડ જોવા મળી રહી છે. હિંમતનગર, મોડાસા, તલોદ, ઈડર, બાયડ, ધનસુરા, ભિલોડા, ખેડબ્રહ્મા, વડાલી સહિતના યાર્ડોમાં મગફળીની બમ્પર આવકથી વેપારીઓ પણ હરખાઈ રહ્યા છે. ખેડૂતોને મગફળીની ગુણવત્તા પ્રમાણે રૂા.૧૨૦૦ થી ૧૪૦૦ની આસપાસનો ભાવ મળી રહ્યો છે. કેટલાંક વિસ્તારોમાં મગફળીની ગુણવત્તા નબળી હોય તો રૂા.૧૦૦૦થી ૧૨૦૦ નો ભાવ ખેડૂતોને આપવામાં આવે તો સામાન્ય ચકમક પણ જરતી હોવાના અહેવાલ છે. આગામી દિવસોમાં બજારોમાં ખરીફ પાકની બમ્પર આવકથી ભાવમાં ઘટાડો થવાની સંભાવના વેપારીઓએ વ્યક્ત કરી છે. જિલ્લાના ૧૬ સ્થળોએ સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળીની શરૂઆત કરવામાં આવી પરંતુ બજાર કરતાં ઓછો ભાવ હોવાથી ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હોવા છતાં ખાનગી બજારમાં જ ખેતપેદાશ વેચી રહ્યા છે. આ વખતે ઓછા વરસાદ હોવા છતાં ખરીફ પાકના સારા ઉત્પાદનથી ખેડૂતોની સાથે વેપારીઓની લાભ પાંચમ સુધર્યા જેવું ચિત્ર ઉપસી રહ્યું છે.



## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લો ફરી કોરોનાની ઝપેટમાં...

**બેસતા વર્ષ પછી ૧૫ થી વધુ શંકાસ્પદ, ૩ પોઝીટીવ કેસ**

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૧

દિવાળી-લાભ પાંચમની વિદાય પછી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લો ફરી કોરોનાની ઝપેટમાં ઝકળાઈ રહ્યાના આંકડા સામે આવી રહ્યા છે. બેસતા વર્ષ પછી જિલ્લામાં ૧૫ થી વધુ શંકાસ્પદ કેસ અને ૩ પોઝીટીવ કેસ નોંધાયાનું જાણવા મળ્યું છે. દિવાળી તહેવાર દરમ્યાન પ્રજા ટોળે વળતાં કોરોનાનું સંક્રમણ બેકાબૂ બન્યાનું ચિત્ર ઉપસી રહ્યું છે.

કોરોના ગયો નથી પરંતુ સાવધાની રાખવા માટે સરકાર અને ડોક્ટરોએ પણ જિલ્લાની પ્રજાને સમજી શકાય તેવી ભાષામાં શિખામણ આપી હતી. પરંતુ ધનતેરસના દિવસથી બેસતા વર્ષ સુધી જિલ્લાના બજારમાં હૈયે હૈયું દળાયે તેટલી માનવ ભીડ જોવા મળી. બજારમાં ઉમટતી ભીડ જોઈને એમ લાગતું હતું કે જિલ્લાની પ્રજાને કોરોનાથી ભગવાન પણ નહિ બચાવી શકે. ત્યાર પછી પણ કોરોનાના કેસ સરકારી દફતરે નોંધાયા ન હતા કે પછી નજર અંદાજ કરાતાં પરંતુ હવે સ્થિતિ એ છે કે જિલ્લાના હિંમતનગર, ઈડર, મોડાસા, બાયડ, તલોદ, પ્રાંતિજ અને ભિલોડામાં દરરોજ શંકાસ્પદ દર્દીઓના આંકડામાં ઉછાળો થઈ રહ્યો છે. કોરોનાના લક્ષણોમાં આ વખતે વાયરલ રોગચાળા જેવા લક્ષણો જણાઈ આવતા હોવાથી તજજ્ઞ-તબીબો પણ થાપ ખાઈ રહ્યા છે. જિલ્લામાં ભલે શંકાસ્પદ કેસનો આંકડો સીમિત હોય પરંતુ સ્થિતિ ધીરે-ધીરે વધુને વધુ બેકાબૂ બનવા તરફ જઈ રહ્યાના ખાનગી તબીબોએ અણસાર આપી દીધા છે. આજ સ્થિતિ ચાલુ રહી તો લગ્નસરાના અવસર પછી કોરોનાનું સંક્રમણ વધુ હાહાકાર મચાવે તેવી સંપૂર્ણ દહેશત સેવાઈ રહી છે.

**સાઈબર ક્રાઈમે ગુનો નોંધ્યા પછી જામીન મળ્યા**

## અરવલ્લી ડે. કલેક્ટર અને મહિલા અધિકારી વચ્ચે પ્રેમ સબંધ

**જામીન અરજી વખતે મુદ્દો ચર્ચામાં, સરકાર દ્વારા ન્યાયિક તપાસ જરૂરી..! : ગમે તે ઘડીએ સમાધાનની પણ લોકચર્ચાઓએ જોર પકડ્યું**

હિંમતનગર તા.૧૧

અરવલ્લી ડે.કલેક્ટર મયંક પટેલ સામે અમદાવાદ સાઈબર ક્રાઈમમાં મહિલા અધિકારીએ પોતાને હેરાનગતિ અને પઝવણી થતી હોવાની ફરીયાદ કરતા લાભ પાંચમના દિવસે સાઈબર ક્રાઈમ ટીમ મોડાસામાંથી ડે.કલેક્ટરને તપાસ માટે લઈ ગયા પછી ફરીયાદીએ કરેલ આક્ષેપના કેટલાંક પુરાવા મળતાં અટકાયત કરવામાં આવી હતી પરંતુ સાઈબર ક્રાઈમ દ્વારા રિમાન્ડ માટેની માંગણી ન કરાતાં ૩૧ કલાકમાં જામીન મળ્યા છે ત્યારે બહાર આવતી વિગતો અનુસાર જામીન અરજી વખતે જે મુદ્દા ચર્ચાયા તેમાં ફરીયાદીના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી અરજીમાં એવી રજુઆત કરી કે ફરીયાદમાં ફરીયાદીએ પ્રેમ સબંધનો સ્વીકાર કર્યો છે. પરંતુ આવનારા દિવસોમાં બંને પક્ષો વચ્ચે સમાધાન થઈ જાય તેવી લોકચર્ચા પણ ચાલી રહી છે ત્યારે સમગ્ર પ્રકરણમાં હવે સરકારે પણ ન્યાયિક તપાસ કરાવી પ્રજાનો વિશ્વાસ જીતવાનો પ્રયાસ કરવો પડશે.

અરવલ્લી જિલ્લાના ઈતિહાસમાં પ્રથમવાર ડે.કલેક્ટર કક્ષાના અધિકારી સામે મહિલા અધિકારીને હેરાન કરી તેમના માઈનોર બાળકને અશ્લીલ ફોટા મોકલવા સહિતના આરોપ સાથેની અરજી અમદાવાદના સાઈબર ક્રાઈમમાં પહોંચ્યા પછી ફરીયાદ નોંધાઈ હતી અને ત્યાર બાદ અધિકારી મયંક પટેલની અટકાયત કર્યા પછી દરરોજ એકપછી એક નવી વિગતો પ્રકાશમાં આવી રહી છે. અધિકારીને જામીન મળ્યા છે અને તે કેટલીક શરતોને આધીન જામીન આપવામાં આવ્યા છે. પરંતુ આવનારા દિવસોમાં સમગ્ર વહિવટીતંત્ર અને મહિલા અધિકારીઓ ઉપર તેની ગંભીર અસરો વર્તાયે તેવી પૂરેપૂરી સંભાવના છે. પરંતુ મહિલા અધિકારી જિલ્લામાં ફરજ બજાવતાં હતા ત્યારથી પ્રેમસબંધ પાંગર્યો હોય અને પછી મુલાકાતોનો દોર શરૂ થયો હોય તેવી ચર્ચાઓ વચ્ચે બંને અધિકારીઓએ પ્રેમમાં જેટલી ચીવટ રાખી તેટલી પ્રજાના કાર્યોમાં ચીવટ રાખી હતી કે કેમ ? તેની પણ રાજ્ય સરકારે તપાસ કરાવી જોઈએ. આવનારા દિવસોમાં સમગ્ર પ્રકરણ ઉપરથી અનેક રાજ ખુલીને બહાર આવી શકે છે પરંતુ કહેવાય છે કે મહિલા અધિકારી પણ સાણસામાં આવવાની સ્થિતિમાં હવે સમાધાન સિવાય કોઈ વિકલ્પ રહ્યો નથી. આરોપીના વકીલએ પણ મહિલા અધિકારી દ્વારા હનીટ્રેપનો ભગો બન્યો છું ખોટી રીતે સંડોવી દેવામાં આવ્યો છે, ફરીયાદમાં મારું આખું નામ કે એડ્રેસ પણ નથી. તેવી દલીલ કરવામાં આવી હતી. તે જોતાં આ કેસમાં અનેક નાટ્યાત્મક વળાંક આવી શકે છે.

### અધિકારીઓના યૌન શોષણનો ભોગ બનેલ અનેક મહિલા કર્મચારીઓ બહાર આવે તેવી સંભાવના

હિંમતનગર,તા.૧૧

અરવલ્લી જિલ્લા પંચાયત કચેરીના એક અધિકારી દ્વારા દોઢ પૂર્વે રાત્રે મહિલા કર્મચારીને મોબાઈલ ઉપર મેસેજ કરવામાં આવતા. આ પ્રકરણ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે તે અગાઉ દામ, શામ, દંડથી દબાવી દેવામાં આવ્યું હતું. પરંતુ તાજેતરમાં મોડાસાના પ્રાંત અધિકારી સામે જે રીતે સાઈબર ક્રાઈમમાં ફરીયાદ દાખલ થઈ તે જોતાં જિલ્લાના અધિકારીના યૌન શોષણનો ભોગ બનેલ અનેક મહિલા કર્મચારીઓ બહાર આવી હિંમત દાખવે તેવી સંભાવના વધી ગઈ છે, હિંમત દાખવવી પણ જોઈએ.

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પ્રકાશ પર્વ-નૂતન વર્ષની ભવ્ય ઉજવણી

**કરોડોની કિંમતના ફટાકડા ફૂટતા પ્રદુષણ વધ્યું : ફટાકડાના અવાજથી રખડતાં મૂંગા પશુઓ અદ્રશ્ય**

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૧

સાબરકંઠા-અરવલ્લી જિલ્લામાં પ્રશ્નશ પર્વ દિપાવલી અને નૂતન વર્ષની પ્રાએ હર્ષ અને ઉમંગ સાથે ઉજવણી કરી હતી. પ્રકાશપર્વ દરમ્યાન ૧૪ તાલુસ્રમાં અપિયા ૧૦ કરોડથી વધુનીઋમિતના કરાકા ફૂટતાં વેપારીઆલમમાં હર્ષ જોવા મળ્યો પરંતુ જાકાના ઘરો પ્રદુષણ વધતાં અસ્થમાના દર્દીઓ મુશ્કેલીમાં જણાયા. ધનના પડદા ચીરી નાખે તેવા જરાકાના તીવ્ર અવાથી સોસાયટી અને મહોલ્લામાંથી છેલ્લા ૪ દિવસ દરમ્યાન મૂંગા પશુઓ અદ્રશ્ય થયા છે. પ્રકાશ પર્વ-નૂતન વર્ષના દિવસે દેવ મંદિરોમાં ભીડ ઉમટતાં તેના પછી મંદિરની દાન પેટીઓમાં આવકમાં વધારો થવાની ધારણા છે. નવા વર્ષના આગમનને વધાવવા અનેક પરીવારોએ આંગણામાં રંગોળી પૂરી નૂતન વર્ષને આવકાર્યું હતું.

દર વર્ષે દિવાળી પર્વની ઉજવણી થતી હોય છે પરંતુ જિલ્લામાં કોના સંક્રમણ વધી જતાં ગત વર્ષે સાદગી પૂર્વદિવાળીની ઉજવણી થઈ હતી. રાક વેચવાનો સિઝનેબલ ધંધો કરનારા વેપારીઓ માલ એક ક્ય પછી મુશ્કેલીમાં મૂક્ષયા હતા પરંતુ આ વર્ષે હંગામી તેમજ ભ્રયમી રાકડાના પરવાનેદારોએ કાકાના સેલ ઉભા કરી અને સર્વાધિક રાકનું વેચાણ કે ર્યું હતું. દિવાળીના દિવસે સવારથી સાબદ્ધપ્ર-અરવલ્લી જિલ્લાની પ્રજા દિપાવલી પર્વની ઉજવણીમાં મશગુલ બની જાશે બેરોના સંક્રમરો ભુલાયું. સમીસાંથી મોડી રાત સુધી રંગબેરંગી રાકાઓની આતશબાજીથી જિલ્લાનું આકાશ રંગોળીમય બની ગયું હતું. રાકના પ્રચંડ અવાજથી અનેક લો વિહવળ જણાયા પરતુર્દિપાવલી પર્વ પારિવારીક ઉત્સવ હોવાથી અનેક લા છે તેમાં સામેલ થયા હતા. જિલ્લાના બાયડથી પોશીના સુધીના વિસ્તારોમાં દિવાળી અને નૂતન વર્ષ પર્વની હર્ષોલ્લાસથી ઉજવણી થયાના અહેવાલ છે. રાક બજારની સાથે દિંપમાલા પર્વ ના ઘરણે અન્ય ધંધા-રોજગારને એક નવી ગતિ મળતાં હજારે વેપારીઓ હરખાતા જોવા મળ્યા.




### દિવાળી પર્વ, શહેરી વિસ્તારમાં ૧૫૦નથી વધુ ક્યરાના ઢગ

દિવાળી પર્વ દરમ્યાન સમગ્ર જિલ્લો રાકની આતશબાજીથી ધણધણી ઉઠ્યો હતો. ગત વર્ષ કરતાં પણ આ વર્ષે જાકાનું સૌથી વધુ વેચાણ થયાની ધારણા છે.દિવાળી પર્વમાં જિલ્લાના ૮ શહેરી વિસ્તાર હિંમતનગર, મોવસા, તલોદ, પ્રાંતિજ, ખેડબ્રામા, વાલી, ઈડર અને બાયડમાં અંદાજીત ૧૫૦થી વધુ ક્વો સાઈ કામદારોએ એકત્ર ક્યો હતો. દિવાળી પર્વમાં પ્રદુષરાની સાથે ક્યારાનું પ્રમાણ વધતાં પ્રાના આરોગ્ય ઉપર જોખમ ઉભું થયું છે.



## સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં તહેવારો બાદ માર્કેટયાર્ડોમાં પાક ઉપજના સારા ભાવથી ખેડૂતો ખુશ

બાયડ બ્યુરો ઓફિસ) તા.૧૧

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં દિપાવલી ના તહેવારોની પૂર્ણાહૂતિ થઈ છે. લાભપાંચમથી તમામ માર્કેટયાર્ડો શરુ થયા પછી ખેત ઉપજમાં વધારા સાથે સારા ભાવ મળવાથી ખેડૂતો ખુશ જણાઈ રહ્યા છે. નવા વર્ષથી ક્વિન્ટલ દીઠ પોષણક્ષમ ભાવ મ ળવા લાગતાં માર્કેટયાર્ડની પાક ઉપજની આવક ક્રમશ વધી રહી છે. જિલ્લાના યાર્ડોમાં કપાસ, દિવેલા, રાયડો, મગફળી સહિ તના પાકના ક્વિન્ટલ દીઠ સરેરાશ રૂ ૧૧૫૦થી ૧૪૨૦ સુધીના ભાવ મળતાં ખરીદ-વેચાણ વધ્યું છે.

જિલ્લાના માર્કેટયાર્ડોમાં ખેતીની દરેક સીઝનમાં ખેડૂતોનો પાક ઉપજ વેચવા માટે ધસારો જોવા મળતો હોય છે. સરકારના ટેકાના ભાવ કરતાં પણ ખુલ્લા બજારમાં વેપારીઓ દ્વારા સારા ભાવ ચૂકવવામાં આવે છે જેથી ખેડૂતો મગફળી સહિતના પાકો ટેકાના ભાવે વેચવા માટે નિરસ રહેતા હોય છે, જ્યારે ખેડૂતોના ખેતરોમાંથી જ ટનબંધ પાક ઉપજ વેપારીના ગોડાઉનો સુધી પ હોંચી હોય છે. દિપાવલી ના તહેવારો માર્કેટયાર્ડો સપ્તાહ માટે બંધ રહ્યા પછી લાભપાંચમથી યાર્ડોમાં પાક ઉપજની આવક શરુ થઈ છે. જેમાં ખરીદ-વેચાણમાં ધીમે ધીમે વધારો થઈ રહ્યો છે. માર્કેટયાર્ડોમાં ખેડૂતોને સારા ભાવ મળતાં જગતાત ખુશ ખુશાલી છે. ગત વર્ષની સરખામણીએ હાલમાં કપાસના ક્વિન્ટલ દીઠ ૧૨૦૦થી ૧૬૦૦, દિવેલાના ૪ ૧૨૯૦ થી ૧૩૧૦, રાયડા ના છે ૯૫૦થી ૧૦૦૫ અને મગફળીના ૧૧૫૦ થી ૧૪૨૦ સુધીના ભાવ એકંદરે મળી રહ્યા છે. જ્યારે ખેડૂતોને વેપારીઓ પાસેથી પાક ઉપજની સામે રોકડામાં ચૂકવણું થતું હોવાથી મોટાભાગના ખેડૂતો ખુલ્લા બજારમાં પાક ઉપજ વેચી રહ્યા છે.

### જિલ્લાના યાર્ડોમાં સારા ભાવથી ખેડૂતો ખુશ...

જિલ્લાના માર્કેટયાર્ડોમાં દિવાળી પછી પાક ઉપજની આવક વધવાની સાથે ભાવ સારા મળતાં ખેડૂતો ખુશ જણાઈ રહ્યા છે. જેમાં...

| પાક | ભાવ (ક્વિન્ટલ દીઠ) |
| --- | --- |
| કપાસ | રૂા. ૧૨૦૦ થી ૧૬૦૦ |
| દિવેલા | રૂા.૧૨૯૦ થી ૧૩૧૦ |
| રાયડો | રૂા. ૯૫૦ થી ૧૦૨૫ |
| મગફળી | રૂા. ૧૧૫ થી ૧૪૨૦ |

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઠંડીનું જોર વધ્યું, વાવેતર વધવાની સંભાવના

**ઠંડી અને લગ્નસરાના અવસરથી ખેડૂતોની મૂંઝવણ વધી**

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૧

દિવાળી વિદાય પછી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઠંડીનું જોર સતત વધી રહ્યું છે ઠંડી વધતાં અને સરકાર દ્વારા કેટલાંક જળાશયોમાંથી સિંચાઈ માટે પાણી છોડવામાં આવી રહ્યું છે જેથી રવી વાવેતરનો વિસ્તાર વધી રહ્યો છે. ઠંડી અને લગ્નસરાના અવસરથી ખેડુતોની મૂંઝવણ વધવા લાગી છે.

ચોમાસા દરમ્યાન ગત વર્ષની સરખામણીએ ઓછો વરસાદ થતાં ખરીફ પાકોનું બમ્પર ઉત્પાદન થતાં યાર્ડો અને ખાનગી બજારો ખેતપેદાશની આવકથી ઉભરાઈ રહી છે. હવે ઠંડી વધતાં ખેડૂતોએ રવી વાવેતર માટે તૈયારીઓ શરૂ કરી છે. બટાટા, રાયડો, જીરૂ, વરીયાળી, ઘઉં સહિતના શિયાળુ પાકોની વાવણી માટે શરૂઆત થઈ છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ૧૪ પૈકી ૯ તાલુકામાં વાવેતરનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. પરોઢે ઠંડી અને બપોરે ગરમી અનુભવાતાં કેટલાંક ખેડુતોએ નવેમ્બરના અંતિમા સપ્તાહમાં વાવેતર શરૂ કરવાનો નિર્ણય લીધો છે. પરંતુ છેલ્લા બે દિવસથી ઠંડીનો પ્રભાવ સમી સાંજથી જોવા મળી રહ્યો છે. વાતાવરણ સુકું થાય તેમ ઠંડી વધુ પ્રભાવક બનાવ લાગી છે. ગ્રામ્ય વિસ્તારોમાં સાંજના સાત પછી ઠંડીનું જોર વધુ જોવા મળ્યું જેના કારણે ગ્રામ્ય પ્રજા ગરમ વસ્ત્રોમાં લપેટાતી જોવા મળી. મોડી રાત્રે અને પરોઢે અનેક વિસ્તારોમાં તાપણાં પણ જોવા મળી રહ્યા છે. આગામી સોમવારથી જિલ્લામાં લગ્નસરાના અવસરોની શુભ શરૂઆત થતાં લગ્નમાં પણ ઠંડીનું મોજું મોટો પ્રભાવ ઉભો કરી શકે છે. લગ્ન દરમ્યાન પણ ખાસ કરીને રાત્રીના અવસરમાં પ્રજાએ ફરજીયાત ગરમ વસ્ત્રો પહેરવા પડે તેવી સ્થિતિ અત્યારથી જોવા મળે છે.

